નામદાર સુપ્રિમ કોર્ટ મેટર

અગત્યનું

આંગણવાડી કેન્દ્રોમાં બાળકોની
સલામતી સુરક્ષા અંગેની
માર્ગદર્શક સૂચનાઓ

પરિપત્ર
ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ક્રમાંકઃ- આઇસીડી/૧૨૨૦૧૭/સીસી-૧૧૧-બી-૧
તા.૩૦/૧૧/૨૦૧૭

સંદર્ભઃ-
(૧) નામદાર સુપ્રિમ કોર્ટમાં દાખલ થયેલ રીટ પિટિશન નં.૮૭૪/૨૦૧૭
(૨) મંત્રાલયનો ઠરાવ NO.6-3/2009-ECCE , તા. 27/9/2013

આમુખઃ-

સંદર્ભ-૧ ના નામદાર સુપ્રિમ કોર્ટમાં દાખલ થયેલ રીટ પિટિશન નં.૮૭૪/૨૦૧૭, આભા શર્મા તથા અન્ય વિરૂધ્ધ ભારત સરકાર તથા અન્યના કેસમાં દર્શાવેલ ''GROUNDS'' ના મુદા નં. 2(I) મુજબ નેશનલ ઇસીસીઇ પોલીસી હેઠળ બાળકોની સુરક્ષાની નીતિ અખત્યાર કરવાની થાય છે.

સંદર્ભ-૨ થી નેશનલ ઇસીસીઇ પોલીસી જાહેર કરવામાં આવેલ છે. સંકલિત બાળ વિકાસ સેવા(ICDS) યોજના અંતર્ગત કાર્યરત આંગણવાડી કેન્દ્રોમાં પૂર્વ પ્રાથમિક શિક્ષણના વયજૂથના ૩ થી ૬ વર્ષના બાળકોને કરાવવાની પ્રવૃતિઓ, સાર-સંભાળ, પધ્ધતિઓ, આયોજન અંગેની માર્ગદર્શક સૂચનાઓ આપવામાં આવેલ છે.

પરિપત્રઃ-

આમુખમાં ઉલ્લેખિત રીટ પિટિશન નં.૮૭૪/૨૦૧૭, અંતર્ગત ઉપસ્થિત થયેલ મુદાના અનુસંધાને તથા સંદર્ભ-૨ માં દર્શાવેલ ઇસીસીઇ પોલીસી અંતર્ગત આંગણવાડી કેન્દ્રોમાં આવતા ૩ થી ૬ વર્ષના બાળકોની સલામતી/સુરક્ષા સુનિશ્ચિંત કરવા માટે નીચુ મુજબની સૂચનાઓ અનુસરવાની રહેશે.

(૧) આંગણવાડી કેન્દ્ર પર બાળકોને લાવવા-લઇ જવા માટે વાલી, કુટુંબનું વિશ્વાસુ વ્યકિત/આંગણવાડી હેલ્પર જ રહે તે જોવું.

(૨) આંગણવાડી કેન્દ્રમાં તથા આસપાસ બાળકોને વાગી જાય એવી કોઇપણ અણીદાર કે ધારદાર વસ્તુ નીચે પડી ન રહે તેનું ધ્યાન રાખવું. કાંટાવાળી ઝાડી દૂર કરવી.

(૩) બાળકોને આંગણવાડી બહાર પ્રવૃતિ માટે લઇ જતી વખતે ખાડા, કૂવા, નાળુ, બોરવેલ જેવી ઉંડાણવાળી જગ્યાએથી દૂર રાખવું.

(૪) વીજ કનેકશનના વાયર, સ્વીચ બોર્ડ, પ્લગ પોઇન્ટ અથવા કોઇ વીજ ઉપકરણને બાળક ન અડે તેની કાળજી રાખવી.

(૫) ગેસ સિલિન્ડર, પાઇપ, ગેસ ચુલ્હો સમયાંતરે ચકાસણી કરાવી લીકેજ ન હોય તેની ખાતરી કરવી. બાળકોને ગેસ ચુલ્હા, ગરમ વાસણોથી દૂર રાખવા.

(૬) આંગણવાડીમાં ઉપલબ્ધ મેડીસીન કીટ, સાફ-સફાઇ માટે વપરાતા ફિનાઇલ વગેરે બાળકોની પહોંચથી દૂર રાખવા.

(૭) કોઇપણ દવા બાળકોને આપતી વખતે આરોગ્ય કર્મચારીની દેખરેખ હેઠળ દવા અપાય તેનું ધ્યાન રાખવું. એકસપાયરી ડેટવાળી દવાનો નાશ કરવો.

(૮) તાલુકા-જિલ્લા કક્ષાએ આરોગ્ય વિભાગની મદદથી આંગણવાડી કાર્યકર અને હેલ્પરને પ્રાથમિક સારવાની તાલીમ આપવી.

(૯) બાળકોની સુરક્ષા-સલામતી બાબતે જનજાગૃતિ કાર્યક્રમો દવારા વાલીઓમાં સજાગતા કેળવવી.

(૧૦) આંગણવાડી કેન્દ્રના મકાન બાંધકામમાં બાળકોની સલામતી જળવાય તે મુજબ બારી બારણા તેમજ અન્ય ફીટીંગ સુનિશ્ચિત કરવું.

(૧૧) બાળકોના આરોગ્યની સલામતી માટે શૌચાલય, પીવાનું સ્વચ્છ પાણી, સ્વચ્છ ખોરાકની વ્યવસ્થા કરવી.

ઉપરોકત સૂચનાઓનો ચુસ્તપણે અમલવારી કરવાની રહેશે.

ગુજરાત રાજયપાલના હુકમથી અને તેમના નામે.

(રાહુલ છત્રપતિ)
નાયબ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ

-માન.મુખ્યમંત્રીશ્રી અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
-માન.મંત્રીશ્રી (મ.બા.ક) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી (મ.બા.ક) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
-માન.સંસદીય સચિવશ્રી(મ.બા.ક), સચિવાલય, ગાંધીનગર
-માન.મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

- અધ્યક્ષશ્રી, ગુજરાત રાજય બાળ સુરક્ષા આયોગ, ગાંધીનગર. બાળકોની સુરક્ષા સબંધિત કાર્યક્રમો યોજવા સારૂ.

- અગ્રસચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી, પ્રાથમિક શિક્ષણ, શિક્ષણ વિભાગ,સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી, જાહેર આરોગ્ય,આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,સચિવાલય, ગાંધીનગર
-- સચિવશ્રી,આદિજાતિ વિભાગ,સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં.૨૦,ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, આઇસીડીએસ, કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં.૨૦, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત રાજય સમાજ કલ્યાણ બોર્ડ, અશોકનગર સોસાયટી, ભઠઠા પાસે,સરખેજ અમદાવાદ.
- નિયામકશ્રી અને અધિક કમિશનરશ્રી,, જેન્ડર રિસોર્સ સેન્ટર, પોલીટેકનીક, આંબાવાડી,અમદાવાદ.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ, સર્વે જિલ્લા પંચાયત
- સર્વે પ્રોગ્રામ ઓફિસર, સર્વે જિલ્લા પંચાયત.
- સર્વે સી.ડી.પી.ઓ, સર્વે તાલુકા પંચાયત